C

*This Question Paper contains 8 printed pages.*

Seat No.: 549 5374

Sl. No. : **104837**

# 008(G)

**(March 2020)**

***Time : 3 Hours]*** ***[Maximum Marks : 100***

**સૂચનાઓ :**

1) **આ પ્રશ્નપત્રમાં કુલ પાંચ વિભાગ અને 56 પ્રશ્નો છે.**
2) **દરેક પ્રશ્ન ફરજિયાત છે.**
3) **પ્રશ્નપત્રમાં આંતરિક વિકલ્પ છે.**
4) **જમણી બાજુના અંક ગુણ દર્શાવે છે.**
5) **લેખન સજ્જતા અને ભાષાશુદ્ધિને ગુણ પ્રાધાન્ય રહેશે.**

## વિભાગ - A (પદ્ય આધારિત)

■ **નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (દરેકના 4 ગુણ)** **[8]**

1) 'વીડી વાઢનારા' લોકગીતમાં વ્યક્ત થતી નાયિકાની ખુમારી.

2) 'આ રસ્તાઓ' શીર્ષકની યથાર્થતા ચર્ચો.

**અથવા**

'એક સરખા દિવસ સુખના....' કાવ્યનો મર્મ સમજાવો.

■ **નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો. (દરેકના 3 ગુણ)** **[6]**

3) 'બેટા ! મને પાછી જવા દે' માં વર્ણિત ગ્રામ અને નગર સંસ્કૃતિનો ભેદ.

4) 'વડલોને પંખીડા' ભજનકાવ્યમાં આલેખાયેલો અતૂટ સ્નેહબંધન તમારા શબ્દોમાં લખો.

**અથવા**

'ટોળાં વચ્ચે એકલતા' – સમજાવો.

■ **નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર લખો. (દરેકના 2 ગુણ)** **[4]**

5) ગંગાસતી સિદ્ધિઓને કેવી ગણવા કહે છે ? શા માટે ?

6) શબરીના ઉદાહરણ દ્વારા કવિ શું સમજાવે છે ?

**અથવા**

- કવિના પ્રાણ પછાડા શા માટે નાંખે છે ?

■ **નીચેના પ્રશ્નોના માગ્યા પ્રમાણે ઉત્તર લખો. (દરેકનો ½ ગુણ)** **[2]**

7) ઉમા મહેશ્વરન એ કયા વિજ્ઞાનીનું જીવનચરિત્ર લખ્યું છે ? C.V. Raman

8) 'સુંદરમ્' કોનું ઉપનામ છે ?

9) દુલાકાગે કઈ પરંપરાને જીવંતતા અર્પી છે ? ચારણી

10) પાનબાઈ કોની શિષ્યા હતી ?

## વિભાગ - B (ગદ્ય આધારિત)

■ **નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (દરેકના 4 ગુણ)** **[8]**

11) 'સત્યવીર સોક્રેટીસ'ના આધારે સોક્રેટીસનું સાદું જીવન અને આચરણ.

12) 'કુસુમનું કઠણ તપ' પાઠના આધારે કુસુમનું ચરિત્ર ચિત્રણ.

**અથવા**

બિસ્મિલ્લાખાં ના જીવન પર તેમના મામાનો પ્રભાવ.

■ **નીચેના પ્રશ્નોના ઉત્તર ટૂંકમાં લખો. (દરેકના 3 ગુણ)** **[9]**

13) મહીજીએ દીકરાની નેકી અને મર્દાનગીની પરીક્ષા કઈ રીતે કરી ?

14) ચિરાયુની વાર્તા પ્રભાશંકરના જીવન સાથે શું સામ્યતા ધરાવે છે ?

15) મહાપુરુષો વિશે હેમચંદ્રની શી માન્યતા હતી ?

**અથવા**

'સાચા સુખનું સર્જન લેખકની શાળા' – એમ લેખક શા માટે કહે છે ?

■ **નીચેના પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો. (દરેકના 2 ગુણ)** [6]

16) જમનાને અખા પર શો અવિશ્વાસ આવ્યો ?

17) નિવૃત્તિ સમયે પૂંજાએ ઘરવખરીનું શું કર્યું ? શા માટે ?

**અથવા**

સાનમાર્કોના દેવળની ભવ્યતા તમારા શબ્દોમાં લખો.

18) 'ભઈ, હવે તો મારે છોરાં ઇઢોરાંને ઢોરાં ઈ છોરાં ......' સમજાવો.

**અથવા**

દયારામ કોની શરણાગતિ સ્વીકારે છે ? શા માટે ?

■ **નીચેના પ્રશ્નોના ઉત્તર માગ્યા પ્રમાણે આપો. (દરેકનો ½ ગુણ)** [2]

19) 'આનંદયાત્રી' તરીકે કોણ ઓળખાય છે ?

20) 'ડાઘ' લઘુકથાના રચનાકારનું નામ આપો.

21) 'જળનગરી વેનિસ' સાહિત્યનો કયો પ્રકાર છે ?

22) 'લોહીની સગાઈ' કોની સુપ્રસિદ્ધ વાર્તા છે ?

## વિભાગ - C (વ્યાકરણ)

■ **નીચેનાં વાક્યમાં યોગ્ય પ્રત્યય મૂકી વાક્ય પૂરું કરી ફરીથી લખો.** [6]

23) આવા મોટા કુળ સ્ત્રીઓ આવું કામ શી રીતે અપાય ?

24) મૈથિલી પાણી માટલા પ્યાલા રેડ્યું.

25) નચિકેત વહેલી સવાર બગીચા દાખલ થયો.

26) એ હવેલી માલિક મહારાષ્ટ્ર તરફ ગુજરાતી હતો.

27) આશુતોષ દવાખાના જઈને સૂતો.

28) વડોદરા વાઘોડિયા ઘણું દૂર.

**નીચેના વાક્યમાં યોગ્ય વિરામચિહ્ન મૂકી વાક્ય ફરીથી લખો.** [3]

29) આવો શેઠ કેમ કંઈ બહુ રોકાણા

30) અહો જનોની ચિર યુદ્ધશ્રદ્ધા

31) અહીં ગંદકી કરવી નહિ કરનારને દંડ થશે

**નીચેનાં વાક્યોને યોગ્ય સંયોજક વડે જોડો.** [3]

32) હું પ્રધાનમંત્રી બધાં માટે સ્વચ્છ પીવાના પાણીની વ્યવસ્થા કરત.

33) ન્યાયાધીશ આવ્યા સર્વે તેમને નમન કરવા લાગ્યા.

34) હું જાણું છું અદિતિ સુંદર ગાય છે.

**નીચેનાં વાક્યને સાદા વાક્યરૂપે ફરીથી લખો.** [1]

35) જગદીશ ગાય ચારે છે અને દોહે છે.

**નીચેના સાદાં વાક્યને સંયુક્ત વાક્યરૂપે જોડો.** [1]

36) તમે અહીં આવશો ? સીધા બદલાપુર જશો ?

**નીચેના સાદાં વાક્યને સંકુલ વાક્ય રૂપે લખો.** [1]

37) વગર વિચાર્યું વર્તન કરી નાખે છે તે પાછળથી ઘણો જ પસ્તાય છે.

**નીચેના વાક્યોને પદક્રમ-પદસંવાદની રીતે સુધારીને ફરીથી લખો.** [2]

38) ગામમાં એક સફરજન વેચતો ફેરિયો આવ્યો.

39) વૃક્ષારોપણ કાર્યક્રમમાં એકેએક વિદ્યાર્થીઓ ભાગ લેશે.

■ માગ્યા પ્રમાણે લખો : [3]

40) समत्वं योग उच्यते।
(ગુજરાતીમાં અનુવાદ કરો.)

41) મન હોય તો માળવે જવાય.
(અંગ્રેજીમાં અનુવાદ કરો.)

42) Winners do not do different things but they do the things differently.
(ગુજરાતીમાં અનુવાદ કરો.)

## વિભાગ - D (અર્થગ્રહણ)

■ **નીચે આપેલા કાવ્યને વાંચીને તેને આધારે નીચેનાં પ્રશ્નોનાં જવાબ આપો.** [5]

"મને જો પૃથ્વીની હકૂમત મળે એક ક્ષણ તો
પહેલાં તો કાઢું વટહુકમ કે આ જ ક્ષણથી
પ્રજા મારી પંખી - મનુજ - પશુને કીટગણો
બધાને જીવ્યાનો જ હક, હણવાનો હક નથી.
દ્રુમોની ડાળીને નીડ, નગર - આવાસ ભીડમાં
વનોની ઝાડી કે ગિરિકુહરમાં, ભૂમિ ભીતરે
જહીં આબાદી ત્યાં સહુય મળી મેળા રચી રહો.
પ્રજા મારીને ના ફિકર ફરિયાદો કશીય હો.
હું પૃથ્વીનો રાજા, અવર ગ્રહ - શું વિગ્રહ નહિ.
કરારો મૈત્રીના કરું, અગર હો આક્રમણ તો,
પ્રીતિનું જેમાં ના જીતવું પણ જિતાઈ જ જવું.
સ્વ-તંત્રે વ્યક્તિના રહું વિરચી હું શાસન નવું.

પ્રજાને એવા તો સ્વનિયમનમાં બાંધી લઉં કે

પછી ના રાજા કે હકૂમતની એને જરૂર રહે !"

— ઉમાશંકર જોશી

**પ્રશ્નો :**

43) કવિનો પહેલો વટહુકમ કયો હશે ?

44) કવિના એ વટહુકમની શી અસર થશે ?

45) કવિ કેવા કરારો અને કેવું આક્રમણ કરવા ઇચ્છે છે ?

46) કવિના મતે સ્વનિયમનનું શું પરિણામ આવશે ?

47) કાવ્યને યોગ્ય શીર્ષક આપો.

■ **આપેલા ફકરાને ધ્યાનથી વાંચી તેને આધારે નીચે આપેલા પ્રશ્નોના યોગ્ય ઉત્તર આપો.** [5]

"સૌ પ્રથમ તો હું ઇચ્છું કે તમે વિચારશીલ બનો. માણસમાં વિચારવાની પ્રક્રિયા આપમેળે ચાલતી નથી. પાડોશી સાથે ગપસપ કરવી એ કાંઈ વિચાર કર્યો ન કહેવાય. બીજા કોઈએ તમને કહેલી વાતનું પુનરાવર્તન કરો ત્યારે પણ તમે વિચાર કરીને બોલ્યા છો એમ ન કહેવાય. તમે બધા મહાન વિચારકો બની જાઓ એમ હું નથી કહેતો. જો કે તમારામાંના કેટલાક બને પણ ખરા. તમે બધા વિચારતા થાઓ અને તમારી વિચારશક્તિને વિકસાવો એમ હું ઇચ્છું છું. વિચારશક્તિ કેળવવા માટે વાચન કરતાં વધારે મદદરૂપ બીજું કશું જ નથી. અલબત્ત, વાચન બુદ્ધિપૂર્વકનું હોવું જોઈએ. વાંચવાથી તમને બીજાઓના વિચારો જાણવા મળે અને બુદ્ધિપૂર્વકના તેમજ યોગ્ય વાચન પર ભાર મૂકવાથી તમે પણ વિચારતા થઈ જાઓ છો. સમાચારપત્રો વાંચવાની બાબતને હું વાચન નથી ગણતો. ગમે તે વાચન હોય પણ જો તે તમને વિચારવા માટે પ્રેરે તો જ એ ઉપયોગી વાચન ગણાય, ભલે ને પછી એ કોઈ સારી નવલકથા કેમ ન હોય ? મહાન નવલકથાઓ હર હંમેશ માણસને વિચારવાની પ્રેરણા આપે છે કારણ કે એ મહાન નવલકથાઓ એટલે મહાપુરુષોએ દોરેલા સુંદર શબ્દચિત્રો."

— જવાહરલાલ નહેરુ

પ્રશ્નો :

48) જવાહરલાલ નહેરુ શું ઇચ્છે છે ?

49) વિચારશક્તિ કેળવવા માટે શું જરૂરી છે ? તે કેવું હોવું જોઈએ ?

50) વાચનથી આપણને શો લાભ થાય છે ?

51) કયું વાચન ઉપયોગી ગણાય ?

52) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

■ **આપેલ વિચારકણિકાની સમજૂતી આપી તેનો 100 (એક સો) શબ્દોમાં વિચાર વિસ્તાર કરો.** [5]

53) શબ્દ શબ્દ શું કરે છે શબ્દને નથી હાથપગ;
એક શબ્દ ઘાવ દે બીજો કરે ઓસડ.

**અથવા**

ઝેરનું હું અમૃત બનાવી દઉં, પણ મુજ કને;
પ્રીત મીરાંની નથી ને નથી નરસિંહનું કીર્તન.

## વિભાગ - E (લેખન)

54) તમારી શાળામાં યોજાયેલ વિજ્ઞાન પ્રદર્શનનો અહેવાલ લખો. [5]

55) નીચે આપેલા ગદ્યખંડને 1/3 ભાગમાં ગુજરાતીમાં સંક્ષેપ કરો. [5]

It is scarcely necessary to enlarge upon the rule that dirt must be thrown on the street. Disposal of refuse is also a science. Glass, iron, etc. should be buried deep. Twigs and sticks used for cleaning teeth should be washed, dried and used for fuel. Rags may be sold. Left over food, peelings, etc. should be buried and turned into manure. Paper can be made from rags. It is not

necessary to employ anyone to remove refuse in a village, because there is very little of it and most of it can be converted into manure. Near the village or dwellings, there should be no ditches in which water can accumulate. Mosquitoes do not breed where water is not stagnated. Where there are no mosquitoes the chances of malaria is less. At one time, water used to accumulate around Delhi. After the hollowpits were filled, mosquitoes were greatly reduced and so was malaria.

■ **નીચે આપેલ વિષય પર આશરે 250 (બસો પચાસ) શબ્દોમાં મુદ્દાઓને આધારે નિબંધ લખો.** **[10]**

**56)** ઋતુરાજ વસંત / વસંતનો વૈભવ

ઋતુઓનો રાજા - પ્રકૃતિ પર - જીવો પર અનોખો પ્રભાવ - સર્વત્ર નવ યૌવનનું છવાઈ જવું - મનુષ્ય પર નવચેતનાનું પ્રાગટ્ય - ઉત્સવો - જીવનમાં વસંત એક જ વખત - આનંદ ઉલ્લાસ - ઉપસંહાર.

**અથવા**

મોબાઈલ દૂષણ કે ભૂષણ

સંદેશા વ્યવહારનું અનોખું સાધન - વિશ્વને જોડતી કડી - સામાજિક સંબંધોની અનોખી દુનિયા - અતિ ઉપયોગી એ ગેરલાભ - સ્વાસ્થ્ય પર વિપરિત પ્રભાવ - ઉપસંહાર.

**અથવા**

માતૃપ્રેમ

માતૃદેવો ભવ - મનુષ્ય-પશુ-પંખીઓ પર મા નો સ્નેહ - ત્યાગમૂર્તિમા - જીવન સમર્પણ કરી આશીર્વાદ આપતી મા - કષ્ટ-વેદના ભૂલી - પ્રાણીઓ - પક્ષીમાં પણ માતૃપ્રેમ - ઉપસંહાર.

◆◆◆